પાલનપુરની ન્યુ બસ પોર્ટ વિદેશી દારૂની હેરાફેરીનું હબ બન્યું

બસ પોર્ટના પ્લેટફોમ પર બે કટ્ટા ભરેલા વિદેશી દારૂના જથ્થા સાથે એક મહિલા ઝડપાઈ

પાલનપુર તા. ૨૧

પાલનપુરનું ન્યુ બસ પોર્ટ અસમાજીક પ્રવુતિ નું હબ બની રહ્યું છે અહી મુસાફરોના માલ સામાનની ચિલ ઝડપ,

મારાં મારી તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા લોકો ઝડપાઈ રહ્યા છે જે વચ્ચે પોલીસે ફરીએક વાર ન્યુ બસ પોર્ટ ના પ્લેટ ફોમ પર બેસેલી એક મહિલા પાસે થી બે કટ્ટા ભરેલ વિદેશી દારૂ ઝડપી પાડયો છે જોકે બે દિવસ અગાઉ પણ બસ પોર્ટ માં થી બે યુવકો વિદેશી દારૂ સાથે ઝડપાયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

બૂટલેગરો દારૂની હેરાફેરી માટે એસટી બસોનો ઉપયોગ કરતા થયા હોય તેમ પાલનપુર ના ન્યુ બસ પોર્ટ પર અવાર નવાર વિદેશી દારૂ સાથે આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ રહ્યા છે બે દિવસ અગાઉ થરાદ તાલુકાના કરબુણ ગામના બે યુવકોને પોલીસે ન્યુ બસ પોર્ટ ના પ્લેટ ફોમ પર થી વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યા હતા જે બાદ પશ્ચિમ પોલીસે ન્યુ બસ પોર્ટ ના પ્લેટ ફોમ પર બેસેલી સોનલબેન રાજેશભાઈ ઠાકોર હાલ.રહે.ગીતા મંદિર ની બાજુમાં છગનજી ની ચાલી અમદાવાદ અને મૂળ રહે.ધનાવાડા તા.દાંતીવાડા વાળા થી બે કટ્ટા માં ભરેલ રૂ.૫૨૮૦ ની કિંમતનો ૪૮ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી વિદેશી દારૂ ની હેરાફેરી બદલ આ મહિલાની અટકાયત કરી તેની સાથે પ્રોહિબિશન એક્ટ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જોકે પાલનપુરના ન્યુ બસ પોર્ટ પર અસમાજીક પ્રવુતિ દિન પ્રતિદિન વધી રહી હોય આમ મુસાફરોમાં ભય નો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ઉમેદવારીપત્ર ચાલુ રાખ્યું ત્યારે સસ્પેન્ડ ન કરાતાં અનેક તર્ક

સાબરકાંઠા મધ્યસ્થ બેન્કની ચૂંટણીના પરિણામ પછી આફટર શોક...!!!

જૂથ-૧૬માં મહિલા ઉમેદવાર જીતતાં પતિને ભાજપે સસ્પેન્ડ કર્યા

બાયડ, તા.૨૦

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક-હિંમતનગરના ડિરેક્ટરો માટે રવિવારે યોજાયેલી ચૂંટણી પછી ભાજપ માટે પરિણામ આંચકાજનક આવ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠને જૂથ-૧૬માં ભાજપના મેન્ડેટવાળા ઉમેદવારને માલપુર તાલુકાના ઉભરાણ ગામના મહિલા ઉમેદવારે પરાજય આપતાં તેમના પતિને પક્ષ, પ્રાથમિક, સકીય સભ્યમાંથી ૭ વર્ષ માટે દૂર કરવામાં આવ્યા છે ત્યારે સવાલ એ થાય છે કે ઉમેદવારીપત્ર ચાલુ રાખ્યું ત્યારે આવો નિર્ણય કેમ ન લેવાયો. ભાજપના કયા હોદ્દેદારોએ લળીમાં ગોળ ભાગ્યો છે તેની ચર્ચાઓ શરુ થઈ છે.

મળતી જાણકારી અનુસાર ભાજપ દ્વારા સહકારી સંસ્થાઓમાં મેન્ડેટ આપીને ઉમેદવારો ઉભા રાખવામાં આવે છે પરંતુ ક્યાંક ઉતાવળે કાચુ પણ કપાઈ જાય છે. ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકના વર્તમાન હોદ્દેદારોની મુદત પૂર્ણ થતાં ૧૮ ડિરેક્ટરો માટેની ચૂંટણી જાહેર થઈ જેમાં ૧૨ ડિરેક્ટરો બિનહરીફ થયા પછી ૬ ડિરેક્ટરો માટે ચૂંટણી આવી. ભાજપે તમામ ૧ થી ૧૬ જૂથમાં મેન્ડેટ આપી ઉમેદવારો ઉભા રાખ્યા હતા પરંતુ કેટલાક વિસ્તારોમાં ભાજપના તાકાતવાન ઉમેદવારોની બાદબાકી કરી અન્ય ઉમેદવારોને મેદાનમાં ઉતારાતાં મતદારોએ રવિવારે યોજાયેલી ચૂંટણીમાં કચકચાવીને મતદાન કર્યું જેમાં ભાજપને માત્ર માંથી ૩ બેઠકો મેળવી સંતોષ માનવો પડ્યો છે. જૂથ નં. ૧૬ દક્ષિણ વિભાગમાં ભાજપે ધનસુરા તાલુકાના અંતિસરા ગામના નારણભાઈ મકનાભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ જયારે ચૂંટણીનું પરિણામ આવ્યું ત્યારે માલપુર તાલુકાના ઉભરાણ ગામના નિરુબેન ગોપાલભાઈ પટેલ વિજયી થયા હતા જેથી ભાજપે તેમના પતિ ગોપાલભાઈ મોહનભાઈ પટેલને ભારતીય જનતા પાર્ટીમાંથી ૬ વર્ષ માટે દૂર કરવાનો આદેશ કર્યો છે. જો ભાજપે ગોપાલભાઈ પટેલ કે પછી તેમનાં પત્નિને મેન્ડેટ આપ્યો હોત તો તેઓ બમ્પર મતથી જીતી શકયા હોત પરંતુ આંતરીક ખેંચતાણમાં તેમની ટીકીટ કપાતાં આખરે ભાજપને જ નુકસાન થયું છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલે ગોપાલભાઈ પટેલને પક્ષમાંથી બરતરફ કરવાનો આદેશ કર્યો છે.

ઉત્તર ગુજરાતમાં ગત વર્ષ કરતાં ૨૦ ટકા વધુ વરસાદ

હવે ધોધમાર વરસાદ વરસે તો વાવેતરને નુકસાનની આશંકા

બાયડ, તા.૨૧

ઉત્તર ગુજરાતમાં તા.૨૦ જુલાઈ સુધીમાં ગત વર્ષ કરતાં ૨૦ ટકા વધુ વરસાદ વરસ્યો છે પરંતુ હવે ધોધમાર વરસાદ વરસે તો કેટલાક તાલુકાઓમાં ખરીફ વાવેતરને નુકસાનની આશંકા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે છતાં ખેતી વિભાગે વરસતા વરસાદ દરમ્યાન ક્યાંય પણ લીલા દુષ્કાળની સ્થિતિ આવે તેવી શક્યતાને સદંતર નકારી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે જૂન પછી જુલાઈ મહિનામાં પણ મેલિયો અનેક વિસ્તારોમાં અનરાધાર વરસ્યો છે. આગામી ૪-૫ દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહીના પગલે ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ૯,૬૯,૨૦૦ હેક્ટર જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થઈ ગયું છે અને મહિનાના અંત સુધીમાં વાવેતરનો આંકડો ૧૨.૫૦ લાખ હેક્ટરને વટાવી જાય તેવી ધારણા છે. ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિભારે વરસાદ પછી કેટલાક ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે અને હજુ પણ પાણી ઓસરવાનું નામ લેતા નથી. જ્યારે જુલાઈ મહિનાની ૨૦ તારીખ સુધીમાં પોશીના, પ્રાંતિજ, તલોદ, વિજાપુર, અમીરગઢ, ભાભર, દાંતા, દાંતીવાડા, ધાનેરા, સાંતલપુર તાલુકામાં ૭૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. ત્યારે હવે જો અનરાધાર વરસાદની આગાહી સાચી ઠરે તો અનેક તાલુકાઓમાં ખરીફ વાવેતરને નુકસાન થવાનો ભય છે. પરંતુ ખેતી વિભાગે હજુ પણ વાવેતર વિસ્તાર સતત વધી રહ્યો છે અને વરસાદ વધુ પ્રમાણમાં વરસે તો પણ ઉત્તર ગુજરાતમાં કોઈપણ વિસ્તારમાં લીલા દુષ્કાળની સંભાવના ન હોવાનું જણાવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં વરસાદ

ગત વર્ષનો વરસાદ	જિલ્લો	વરસાદ(ટકા)
પાટણ	૩૪.૧૨	૫૫.૯૨
બનાસકાંઠા	૩૭.૦૧	૬૨.૭૮
મહેસાણા	૨૩.૯૩	૪૮.૫૯
સાબરકાંઠા	૪૨.૨૮	૫૭.૯૧
અરવલ્લી	૩૭.૧૮	૪૪.૯૪
કુલ..	૩૪.૯૦ ટકા	૫૪.૯૦ ટકા

અપર એર સાયક્લોનિક સરક્યુલેશનના કારણે વધુ વરસાદની સંભાવના

હવામાન વિભાગનું માનીએ તો રાજ્ય અને અરબી સમુદ્ર ઉપર ૩ કિ.મી.થી વધુના લેવલનું અપર એર સાયક્લોનિક સરક્યુલેશન છે. જેના કારણે ઉત્તર ગુજરાતમાં અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છ અને સંભવત રીતે કેટલાક વિસ્તારોમાં ૨ થી ૬ ઈંચ જેટલો વરસાદ વરસવાની શક્યતા રહેલી છે. જ્યારે બંગાળની ખાડી બાજુ ૨ અપર એર સાયક્લોનિક સરક્યુલેશનના કારણે પણ ગુજરાતમાં તા.૨૫ જુલાઈ સુધીમાં અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસી શકે છે.

સાબરકાંઠાની સરકારી પ્રા.શાળાઓમાં ૯૦૦ પ્રા.શિક્ષકો માટે જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન

વર્ષોથી વતનની વાટ ઝંખતા શિક્ષકોની આતુરતાનો અંત આવશે : અન્ય જિલ્લામાં ફરજ બજાવતા ૭૦૦૦ શિક્ષકોમાંથી ૬૦૦ને વતન નસીબ થશે

બાયડ, તા.૨૧

સાબરકાંઠાના વતની હોય અને અન્ય જિલ્લામાં ફરજ બજાવતા હોય તેવા શિક્ષકો માટે સિનિયોરીટીના આધારે આગામી તા.૨૭-૨૮ જુલાઈના રોજ ગ્રોમોર કેમ્પસ-બેરણા, હિંમતનગરમાં જિલ્લાફેર બદલી કેમ્પનું પ્રા.શિક્ષણ સમિતિ-સાબરકાંઠા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વર્ષોથી વતનની વાટ ઝંખતા શિક્ષકોની આતૂરતાનો અંત નજીકમાં છે. શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૧-૫-૨૦૨૩ના પરીપત્રથી ૧૦૦ ટકા જિલ્લાફેર બદલી કેમ્પના આયોજનનો નિર્ણય કરાયો તેના કારણે જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી વધુ પ્રા.શિક્ષકોને વતનનો લાભ મળી શકે છે. દાયકાઓથી બૃહદ સાબરકાંઠા જિલ્લો શિક્ષકોના ઉત્પાદનની ફેક્ટરી તરીકે ઓળખાય છે. રાજ્યના ૩૩ પૈકી ૩૨ જિલ્લાઓમાં સાબરકાંઠા જિલ્લાના શિક્ષકો કોઈને કોઈ તાલુકાઓમાં ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સંઘ દ્વારા સરકારમાં જિલ્લાફેર બદલી કેમ્પમાં મહત્તમ શિક્ષકોને લાભ મળે તેવી રજૂઆતો થયા પછી વિભાગે તમામ જિલ્લાઓમાં ૧૦૦ ટકા જિલ્લાફેર બદલી કેમ્પના આયોજનો માટે સૂચનાઓ આપી છે. સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકામાં આંતરીક બદલી પછી ખાલી પડતી જગ્યાઓ ઉપર જિલ્લાફેર બદલી કેમ્પમાં આવનાર પ્રા.શિક્ષકોને સિનિયોરીટીના આધારે મૂકવામાં આવશે. સાબરકાંઠા જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા તા.૨૭-૨૮ જુલાઈના રોજ જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં એક સાથે અન્ય જિલ્લામાં ફરજ બજાવતા જિલ્લાના વતની શિક્ષકોને વતનનો લાભ મળવા માટે હવે ગણતરીના દિવસો બાકી હોવાથી શિક્ષકોના પરિવારજનોમાં પણ જિલ્લાફેર બદલી કેમ્પના આયોજનથી હર્ષ જોવા મળી રહ્યો છે. જ્યારે જિલ્લાફેર બદલી કેમ્પમાં જિલ્લાના વતની એવા અન્ય જિલ્લામાં ફરજ બજાવતા ૭૦૦૦થી વધુ શિક્ષકોએ પોતાનું નસીબ અજમાવ્યું છે પરંતુ માત્ર ૬૦ શિક્ષકોને વતનનો લાભ મળશે.

૨ દિવસ જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન - જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી

સાબરકાંઠા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઈ ચૌધરીએ જણાવ્યું કે તા.૨૨ જુલાઈના રોજ આંતરીક બદલી કેમ્પ ઓનલાઈન કરવામાં આવ્યો છે તે પૂરો થયા પછી તા.૨૭-૨૮ જુલાઈના રોજ ગ્રોમોર કેમ્પસ-બેરણા, હિંમતનગર ખાતે જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન થયું છે. ૧૦૦ ટકા જિલ્લાફેર બદલી કેમ્પની વિભાગમાંથી સૂચના મળી હોવાથી જિલ્લાના વતની અને અન્ય જિલ્લામાં ફરજ બજાવતા મહત્તમ શિક્ષકોને તેનો લાભ મળશે.

દેહદાન માટેની ઝુંબેશ રંગ લાવી

લાયન્સ કલબ-બાયડને ૧૦મું દેહદાન મળ્યું

મોતીપુરાકંપાના પરિવારે મોભીના મૃતદેહને મેડીકલ કોલેજને અભ્યાસ માટે આપ્યો

બાયડ, તા.૨૧

લાયન્સ કલબ-બાયડ છેલ્લા એક દાયકાથી દેહદાન, મહાદાનની ઝૂંબેશ ચલાવી રહ્યું છે ત્યારે લાયન્સ કલબ-બાયડની ટીમને ગત રોજ ૧૦મું દેહદાન મળ્યું છે. બાયડ તાલુકાના મોતીપુરાકંપાના અને હાલ શિવનગર રહેતા પટેલ પરિવારે દેહદાનનો સંકલ્પ વ્યક્ત કરતાં મોભીના મૃતદેહને પારુલ યુનિ.વડોદરા ખાતે મેડીકલના છાત્રોના અભ્યાસ માટે આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર માનવ જીવન રચના અને જીવન શૈલી બદલાતાં થઈ રહેલા માનવ મૃત્યુ હવે તબીબો માટે પણ કોયડો બની ગયા છે. ત્યારે રક્તદાનની ઝૂંબેશ પછી લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ ડૉ.મહેન્દ્રભાઈ બી. પટેલ, વર્તમાન પ્રમુખ જીજ્ઞેશ પટેલ, મંત્રી દિનેશભાઈ પરમાર અને તેમની ટીમ દેહદાન, મહાદાનની ઝૂંબેશ ચલાવી રહ્યા છે ત્યારે તાલુકાના મોતીપુરાકંપાના નાથાભાઈ સવજીભાઈ પટેલનું અવસાન થયું અને લાયન્સ કલબ-બાયડને દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં સમગ્ર ટીમ શિવનગર પહોંચી હતી અને સમગ્ર કુટુંબીઓની ઉપસ્થિતિમાં મેડીકલ છાત્રોના અભ્યાસ માટે દેહદાન કરી કચ્છી પટેલ પરિવારે ફરી એકવાર દેહદાન માટે અનેક પરિવારોને '' આપી છે.

ખારી અમરાપુર દુધ મંડળીના સેક્રેટરી દ્વારા ઉચાપત



પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ખારી અમરાપુર ખાતે આવેલ ધી ખારી અમરાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરી સામે ભૂતિયા ખાતા ઉભા કરી કુલ-૧૭,૭૯,૨૪૭,૩૬ ની ઉચાપત કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મંડળીના ચેરમેન દ્વારા મંડળીના સેક્રેટરી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના ખારી અમરાપુર ખાતે આવેલ ધી ખારી અમરાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરી મહોબતસિંહ નાથુસિંહ ઝાલા રહે ખારી અમરાપુર ગામ અમરાપુર તા.પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા દ્વારા તારીખ ૧।૪।૨૦૧૯ થી ૩૧।૩।૨૦૨૦ સુધીના સમય ગાળા દરમ્યાન ખોટા ગ્રાહકો ઉભા કરી દુધ ના રૂપિયા ૧૬,૧૭,૪૭૮,૭૭ તથા તા ૧।૪।૨૦૨૦ થી તા૩૧।૩।૨૦૨૧ ના સમયમા જેતે વર્ષ ની ખરીદી ઉપર ભાવફેર ચુકવેલ તેની રકમ ૧,૬૧,૭૬૮,૫૯ મળી કુલ - ૧૭,૭૯,૨૪૭,૩૬ ની કાયમી નાણાંકીય ગેરરીતિ કરી સદર નાણાં પોતાના અંગત કામ માટે વાયરેલ ઉચાપત કરી આજદિન સુધી મંડળીના બેંક ખાતામા કે મંડળીને ના સોંપી પોતાના અંગત કામમા ઉપયોગ કરી કાયમી ઉચાપત કરતા મંડળના ચેરમેન ભારતસિંહ કાળુસિંહ ઝાલા રહે. ખારી અમરાપુર તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા આ અંગેની જાણ જિલ્લા રજીસ્ટ્રાર કચેરી હિંમતનગર ખાતે કરી હતી અને જિલ્લા રજીસ્ટ્રાર ની કચેરી હિંમતનગર કચેરીના હુકમ થી ધી ખારી અમરાપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી ના ચેરમેન ભારતસિંહ કાળુસિંહ ઝાલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મંડળીના સેક્રેટરી મહોબતસિંહ નાથુસિંહ ઝાલા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૪૦૮ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરવામા આવી હતી.

પુનાસણ- બામણામાં કવિશ્રી ઉમાશંકર જોશીની ૧૧૨મી જન્મજયંતિ ઉજવાઈ

ગાંભોઈ, તા.૨૧

હિંમતનગર તાલુકાના બામણા -પુનાસણ ગામે શુક્રવારના રોજ શ્રવણ સુખધામ પંચવટી સંસ્થાના આદ્યસ્થાપક ઈન્દુબેન એસ.કે.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં સ્થિત કવિ ઉમાશંકર જોશી ઈ-લાઈબ્રેરી ખાતે પ્રતિવર્ષની જેમ ચાલું વર્ષે કવિશ્રી ઉમાશંકર જોશીની ૧૧૨મી જન્મ જયંતી નિમિત્તે સંસ્થાની લાઈબ્રેરી ખાતે ૧૧૨ દીવડા પ્રજ્વલિત કરી કવિશ્રીને યાદ કરીને પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઈ-લાયબ્રેરી ખાતે કવિશ્રીના હસ્તે લખાયેલા તમામ પુસ્તકોનો સંગ્રહ ઉપરાંત કવિશ્રીના અભ્યાસથી લઈને મળેલા તમામ એવોર્ડ-પુરસ્કારની માહિતી વિગતવાર સંસ્થાની આ ઈ-લાયબ્રેરીમાં સચવાયેલી છે. જેનો સાહિત્ય રસિકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

ગિરિમાળાઓનો અદ્દભુત નજારા સાથે ભક્તિનો સંગમ એટલે ડુંગર પર બિરાજતા કકરાઈ માતાજીનું મંદિર

વરસાદી માહોલમાં અહલાદક અનુભવ કરાવતું અરવલ્લી જિલ્લાનું મોડાસા તાલુકા પાસે દધાલીયા ખાતે આવેલ કકરાઈ માતાજીનું મંદિર : શ્રદ્ધા સાથે કુદરતી સૌંદર્યના દર્શન એટલે કકરાઈ માતાજીનું મંદિર

મોડાસા, તા. ૨૧

શ્રી કકરાઈ માતા મોડાસા તાલુકાના ડુંગરમાળામાં બિરાજેલા છે.આ સુંદર સ્થળને 'મીની પાવાગઢ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કકરાઈ માતાનું મંદિર મોડાસાથી લગભગ ૨૨ કિલોમીટર દૂર છે.જંગલ અને ડુંગર વચ્ચે આવેલા કકરાઈ માતાના મંદિર સુધી પહોંચવાનો માર્ગ ખૂબ જ સુંદર છે.કુદરતી સુંદરતાથી ખીલેલો અને કુદરતના સાનિધ્યમાં આ સ્થળની મુલાકાત લેવાથી એક અલગ જ અનુભૂતિ થાય છે.

કુદરતના ખોળે આવેલ આ સુંદર મંદિરમાં શ્રદ્ધાળુઓ ખુબજ આસ્થાથી આવે છે. એટલે કુદરતની સુંદરતા અને આસ્થાનો સુખદ સમન્વય જોવા મળે છે. અરવલ્લીની ગીરીમાળાઓમાં અનેક સુંદરતાસભર પ્રકૃતિના દર્શન થાય છે. પર્વત ઉપર ઉભા રહી કુદરતની સુંદરતા નિહાળી શકો છો આ મંદિર સુધી પહોંચવા માટે તમારે ખાનગી વાહનો દ્વારા જવું પડશે. કકરાઈ માતા નું મંદિર ટોચની ટેકરી પર સ્થિત હોવાથી તમે ત્યાં આસપાસ આવેલા ગામડાઓને ખેતરોના સુંદર દ્રશ્યો જોઈ શકો છો. કહેવાય છે કે આ મંદિરની સ્થાપના વિક્રમ સવંત ૧૬૪૮ માં પ્રથમ સૂર્યવંશીના હસ્તે કરવામાં આવી હતી. માટી છાણ તેમજ ધાતુથી નિર્મિત માતાજીની મૂર્તિ ધરાવતું આ મંદિર શરૂઆતમાં નાનું હતું. પરંતુ હવે તેમાં વખતે વખત સુધારા કરી મંદિર મોટું બનાવવામાં આવ્યું છે. માતાના ભક્તોને દર્શન માટે વિવિધ સ્થળોથી આવે છે. આ મંદિર હિન્દુ સમાજની કેટલીક જાતિઓ પોતાના બાળકોની બાધા ઉતરાવવા આવતા હોય છે. મંદિરના સુંદર શાંત અને વિશાળ પરિસરમાં પહોંચતા જ આધ્યાત્મિક અહેસાસ થાય છે. સવારનો અને સાંજના સમયે સ્થળ પર જવાનો સંતોષકારક સમય છે.